# ડીસામાં કરોડોની જમીન બારોબાર વેચી દેનાર બે આરોપીના જામીન નામંજૂર

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં જમીનના ભાવો મુંબઈ સમકક્ષ છે. તેથી જમીનોના વિવાદો પણ વધુ છે ત્યારે ડીસામાં પાંચ મહિના અગાઉ શહેરની વચ્ચોવચ આવેલી કરોડો રૂપિયાની જમીન ગોલ્ડન પાર્ક અને ડોકટર હાઉસના ખોટા દસ્તાવેજો બનાવી બારોબાર વેચી મારવાના કૌભાંડ મામલે ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આ કેસના મુખ્ય આરોપી પોપટ ગગાજી હેમાસિયાએ ફરિયાદીના પિતા જોરાભાઈ નથાભાઈ દેસાઈના નામના ખોટા આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ બનાવી ડીસાની એક્સિસ બેંક તથા પાટણ સેન્ટ્રલ બેંકમાં ખાતા ખોલાવ્યા હતા. તેમજ ફરિયાદીના પિતાનું ખોટું નામ ધારણ કરી ડીસાની ગોલ્ડન પાર્ક અને ડોકટર હાઉસની જમીનના ખોટા દસ્તાવેજ કર્યા હતા, જે બાબત ધ્યાને આવતાં જ રજીસ્ટાર કચેરીમાં ખોટું નામ ધારણ કરી દસ્તાવેજ કરનાર અને તેમની ઓળખ આપનાર તેમજ આ દસ્તાવેજ બાદ પાવર ઓફ એટર્ની કરાવનારા ચાર લોકો સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે આ કેસના આરોપી ઈશ્વર મોતીભાઈ પટેલ અને ભૂપતસિંહ ઠાકોરે ડીસાની એડિશનલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી મૂકી હતી. જો કે ફરિયાદીના વકીલ ભાવિન કાપડિયાની દલીલો અને આ કેસની ગંભીરતા અને મોડેસ ઓપરેન્ડી જોતા નામદાર કોર્ટે બંને આરોપીઓના આગોતરા જામીન નામંજૂર કર્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં આયોજિત રાજ્યકક્ષાના સ્વતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણીની તૈયારીઓ શરૂ



અરવલ્લીની ગિરિમાળામાં વસેલા જિલ્લા અરવલ્લીમાં ગુજરાત ઉજવશે સ્વતંત્ર્ય પર્વ. અરવલ્લી જિલ્લો સતત વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે. સતત વિકાસ કરતું રાજ્ય ગુજરાત આ વર્ષે ખુબજ ઉત્સાહ પૂર્વક આઝાદીનો જશ્ન મનાવશે.આ ઉજવણી નિમિત્તે એટ હોમ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મુખ્ય ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. આઝાદી પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવશે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સહિત રાજ્યકક્ષાના ઉચ્ચ અધિકારીઓ કાર્યક્રમમાં હાજરી આપશે. રાજ્યમાં ઉત્તમ કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આ પ્રસંગને યાદગાર બનાવશે. શૌર્ય ગીત અને ત્રિરંગી રોશનીથી અરવલ્લી ઝળહળી ઉઠશે. જિલ્લા કક્ષાએ તમામ વ્યવસ્થા જાળવવા કલેકટર શ્રી ડો.નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં બેઠક મળી. બેઠકમાં કાર્યક્રમની તમામ રૂપરેખા અંગે ચર્ચા કરાઇ. તમામ અધિકારીઓને યોગ્ય કામગીરી હાથ ધરવા સૂચન આપવામાં આવ્યા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શ્વેતા તિવેટીયા, અધિક નિવાસી કલેકટર શ્રી એન.ડી.પરમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં સાયબર ક્રાઈમ લોક જાગૃતિ અને ઈ-એફ.આઈ.આર કાર્યક્રમ યોજાયો



આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં અરવલ્લી જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સાયબર ક્રાઈમ લોક જાગૃતિ ઈ-એફ આઈ આર કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ટ્રસ્ટીશ્રી અને પૂર્વ ધારાસભ્ય શ્રી દિલીપસિંહજી પરમાર,સરપંચ શ્રી હેમલત્તાબેન પટેલ ઉપપ્રમુખશ્રી ગોપાલભાઈ ઠેકડી,મંત્રીશ્રી અતુલભાઈ બ્રહ્મભટ્ટ ,પ્રિ.ડૉ.પ્રફુલ્લાબેન.સી. બ્રહ્મભટ્ટ,પોલીસ અધિકારી શ્રી સોલંકી સાહેબ અને પોલીસ સ્ટાફે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓઓને સાયબર ક્રાઈમ અટકાવવા માટે વીડિયો અને પી.પી.ટી. દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ નું સંચાલન ડૉ.સી.આર.પટેલ અને ડૉ.પારૂલબેન સોનીએ કર્યું હતું.

# વાસણ ગામે દારૂના નશામાં ધૃત પિતા હેવાન બન્યો : ૧૨ વર્ષની દીકરીના માથામાં લાકડી મારતાં હેમરેજ



પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે દારૂના નશામાં ધૃત બનેલા પિતાને દારૂ પીવા માટે અનાજ વેચવા જવાની ૧૨ વર્ષની દીકરીએ ના પાડી હતી. આથી તેણે ઉશ્કેરાઈને ખૂણામાં પડેલી લાકડી દીકરીના માથામાં ફટકારી દીધી હતી. ઘરમાં લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું હતું. જેને આજુબાજુના લોકોએ તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. ત્યાં તેની હાલત ખૂબ જ ગંભીર છે. દીકરી ઉપર જીવલેણ હુમલો કરનાર પિતા ઉપર ગ્રામજનો ફિટકાર વરસાવી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે રહેતા ખુમાજી ફતાજી ઠાકોરના પરિવારમાં પત્ની અને ત્રણ સંતાનો છે જેમાં દીકરી પૂજા (ઉ.વ.૧૨) ગામની પ્રાથમિક શાળામાં ધોરણ છ માં અભ્યાસ કરે છે. ખુમાજી ઠાકોર ખેતી પશુપાલન અને મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જે ગુરુવારે સાંજે નશામાં ધૃત બની ઘરે આવ્યો હતો. અને ઘરમાં પડેલું અનાજ (ઘઉં) દુકાનમાં વેચી દારૂ લેવા માટે જઈ રહ્યો હતો. ત્યારે સ્કૂલમાંથી આવેલી દીકરીએ બાપા તમે દારૂ પીવામાં શા માટે અનાજ વેચી મારો છો તેમ કહેતા ખુમાજી ઉશ્કેરાઈ ગયો હતો. અને ખૂણામાં પડેલી લાકડી લઈ દીકરી ઉપર તૂટી પડ્યો હતો. જેના હાથના ભાગે તેમ જ માથામાં લાકડીનો ઘા મારી દેતા પૂજા લોહી લુહાણ હાલતમાં જમીન ઉપર પડી ગઈ હતી. ઘરમાં લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું હતું. પૂજાની ચીસો સાંભળી આજુબાજુના લોકો દોડી આવ્યા હતા જેમને જોઈ ખુમાજી નાસી ગયો હતો. દરમિયાન ગંભીર હાલતમાં પૂજાને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. આ અંગે હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે, પૂજાના માથામાં ગંભીર ઈજાના કારણે હેમરેજ થયું છે. ૧૨ ટાંકા લેવા પડ્યા છે. માથાના સિટીસ્કેન નો રિપોર્ટ આવશે. જેના ઉપરથી તેની સ્થિતી જાણી શકાશે અને અમદાવાદ વધુ સારવાર અર્થે ખસેડવી કે કેમ તેનો નિર્ણય લેવાશે. દારૂના નશામાં ધૃત પિતાએ દીકરી ઉપર જીવલેણ હુમલો કરતા ગ્રામજનો આ નરાધમ પિતા ઉપર ફિટકાર વરસાવી રહ્યા છે.

# અરવલ્લી ભાજપા સંગઠન પ્રમુખને પૂર્વ ધારાસભ્યના પૈસે પ્રસિદ્ધિનો મોહ

## એકતરફ પૂર્વ ધારાસભ્યને ભાંડવાની, બીજીબાજુ ઉપયોગ !!

ગાંધીનગર, તા. ૩૧

અરવલ્લી ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી (આંજણા) ને પ્રસિદ્ધિનો વધુ મોહ હોવાથી લોક ચર્ચા જામી છે. એક તરફ બાયડના પૂર્વ




ધારાસભ્યને ભાંડવાની તક છોડતા નથી અને જિલ્લામાં યોજાતા મેળાવડા - બેઠકોમાં પૂર્વ ધારાસભ્યના પૈસે પ્રસિદ્ધિનો મોહ રાખતા આ મામલો નિષ્ઠાવાન અને હાંશિયામાં ધકેલાયેલા કાર્યકરોએ પ્રદેશ સંગઠન સુધી પહોંચાડ્યો છે.

ચર્ચાતી વાતો અનુસાર બાયડના પૂર્વ ધારાસભ્ય ટીકીટ મેળવવા બેબાકળા બન્યા છે. અનેક સંગઠનની મિટીંગોમાં અપેક્ષિત ન હોવા છતાં હાજર થઈ જાય છે. અને સ્ટેજ ઉપર સ્થાન પણ લઈ લેતાં જિલ્લા સંગઠન પ્રમુખે આ મુદ્દે જાહેરમાં બળાપો પણ કાઢ્યો છે. પરંતુ વિધાનસભા ચૂંટણી નજીક આવતાં સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરીએ રંગ બદલીને પૂર્વ ધારાસભ્યનો પાલવ પકડ્યો હોય કે પછી પૂર્વ ધારાસભ્યએ રાજેન્દ્ર ચૌધરી ટીકીટ અપાવશે તેમ માની જિલ્લામાં ૨૦૦ થી વધુ હોર્ડિંગ્સમાં રાજેન્દ્ર ચૌધરી, પૂર્વ ધારાસભ્યના ફોટા એક સાથે જોવા મળતાં રાજેન્દ્ર ચૌધરીના

### પહેલાં ફાર્મ અને હવે હવેલીનું વળગણ

જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરીને પહેલા ફાર્મમાંથી કનડગત થતી હતી એટલે ન નતમસ્તક થયા પછી હવે હવેલીમાંથી ગોળા ફૂટવાની શરૂઆત થતાં મહાશય હવે હવેલીના વળગણ તરફ વળ્યાની ચર્ચા છે - પરંતુ આ બંનેમાંથી સાચી વિગતો બહાર આવશે ત્યારે શું થશે તેની ઉપર રાજેન્દ્ર ચૌધરીના વિરોધીઓ નજર ટેકવીને બેઠા છે.

ટેકેદારો પણ ચોકી ઊઠ્યા છે. રાજકારણમાં રંગ બદલવાથી પદ મળી જાય પણ ગબડતાં વાર લાગતી નથી તે સંગઠન પ્રમુખે ઝડપથી સમજી લેવું પડશે. જિલ્લા સંગઠન પ્રમુખ તથા તેમના ખાલ ગણાતા અંક્તિ અંગે પ્રદેશમાં ૭ પાનાનું ડોઝીયર પહોંચ્યું છે. તે લેટર બોમ્બ બની ત્રાટકશે. તેવું દેખાય છે.

# ખેડબ્રહ્મા કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં ૨ વર્ષની કેદની સજા કરી

## ૨.૫૦ લાખ દંડ તરીકે ભરવાનો પણ હુકમ કરાયો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૧

ખેડબ્રહ્માની એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં દામાવાસના ઈસમે આપેલો ચેક પરત ફરતાં આરોપીને તક્સીરવાર ઠેરવી ૨ વર્ષની કેદની સજા અને રૂ ૨.૫૦ લાખ દંડ ભરવાનો હૂકમ કરતાં કોર્ટ સંકુલમાં હલચલ મચી હતી.

આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર ગલોડીયા ગામના એધેશકુમાર પોપટભાઈ પટેલના પત્નિ શાળામાં ફરજ બજાવે છે અને પત્નિને શાળાએ મૂકવા જતા-આવતા હોવાથી દામાવાસના વેચાતભાઈ દહેરામભાઈ વણઝારાના સંપર્કમાં આવ્યા હતા અને તેઓને પૈસાની જરુર હોવાથી રુ. ૨,૫૦,૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા. પૈસાની ઉઘરાણી કરતાં વેચાતભાઈ વણઝારાએ દેના બેંક-લક્ષ્મીપુરા શાખાનો ચેક આપ્યો હતો અને તે ચેક ભરણામાં ગયા પછી અપૂરતા બેલેન્સના કારણે પરત આવ્યો જેથી ફરિયાદીએ તેમના એડવોકેટ એમ.જે.પટેલ મારફતે ખેડબ્રહ્માના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં નેગોશિયેબલ ઈન્ફ્રમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ૧ વર્ષ અને ૧૭ દિવસ કોર્ટમાં ચાલ્યા પછી એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કે.સી.મંધાણીએ ચેક પરત ફરવાના કેસમાં આરોપી વેચાતભાઈ દહેરામભાઈ વણઝારાને દોષિત ઠેરવી ૨ વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો અને ૪ ૨.૫૦ લાખ દંડ તરીકે ભરવા હૂકમ કર્યો છે. આરોપી દંડની રકમ જમા ન કરાવેથી ડિફોલ્ટ પેટે વધુ ૪ માસની સાદી કેદની સજા અને આરોપીએ જણાવેલ દંડની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

# જિલ્લામાં લમ્પી રોગચાળામાં પશુઓની લે-વેચ જોખમ વધારશે

## પરપ્રાંતમાંથી પશુઓની મોટાપાયે ખરીદી : પશુઓની હેરાફેરી પર નિયંત્રણ નહીં આવે તો લમ્પીનો ખતરો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૧ - સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એક પછી એક પશુઓમાં શંકાસ્પદ લમ્પી રોગચાળાના લક્ષણો દેખાય છે તેમ છતાં અન્ય જિલ્લાઓમાંથી પશુઓની લે-વેચ થઈ રહી છે. પરપ્રાંતમાંથી પણ પશુઓની હાલની સીઝનમાં મોટાપાયે ખરીદી થઈ રહી છે જેથી પશુઓની લે-વેચ ઉપર રોક લગાવવામાં નહીં આવે તો જિલ્લામાં લમ્પીનો ખતરો વધી શકે છે. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં ૭ તેમજ અરવલ્લી જિલ્લામાં ૧૦ પશુઓમાં શંકાસ્પદ લમ્પી રોગચાળાનાં લક્ષણો દેખાયા પછી તાબડતોબ આરોગ્ય વિભાગે સર્વે તેમજ રસીકરણ શરુ કર્યુ છે જેમાં અત્યાર સુધીમાં એકપણ પશુનું મોત થયું ન હોવાનું જાણવા મળ્યું છે. જો કે અન્ય વિસ્તારોમાંથી પશુઓની હેરાફેરી ઉપર પાબંધી મૂકવામાં નહીં આવે તો પશુઓમાં લમ્પીન રોગચાળો બેકાબુ બનવાની દહેશત છે.

સરહદી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પશુઓમાં લમ્પીનો રોગચાળો ફેલાયો છે. બનાસકાંઠામાં લમ્પી વાયરસના કારણે ૮ પશુઓના તાજેતરમાં મોત નિપજવાની સાથે પશુઓનો મૃત્યુ આંક ૩૩ સુધી પહોંચ્યો છે. બનાસકાંઠામાં ૨૭ ગામોમાં ૩૨૪ પશુઓ લમ્પીના સકંજામાં આવી ગયા પછી વહીવટી તંત્ર દ્વારા બંન્ને જિલ્લાઓમાં નિયંત્રિત વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેટલાક મૂંગા પશુઓમાં લમ્પીના લક્ષણો જોવા મળ્યા પછી પશુપાલન વિભાગ દ્વારા તાબડતોબ સર્વેલન્સની કામગીરી શરુ કરવામાં આવી હતી જેમાં હજુ સુધી પશુઓમાં દેખાયેલા લમ્પીના લક્ષણોમાં કોઈ પશુનું મોત નિપજ્યું ન હોવાથી રાહત જરુર થઈ છે પરંતુ અન્ય જિલ્લાઓમાંથી પશુઓની મોટાપાયે લેવેચ જારી રહેતાં જિલ્લાના પશુઓ ઉપર જોખમ બેવડાયું છે. આ ઉપરાંત પરપ્રાંતમાંથી પણ વેપારીઓ દ્વારા વેચાણ માટે પશુઓ લાવવામાં આવી રહ્યાં છે જેથી હાલના સંજોગે શંકાસ્પદ જણાતો લમ્પીનો વાયરસ પશુઓમાં પગપેસારો કરે તેવી દહેશત વ્યક્ત થઈ છે. જિલ્લામાં શંકાસ્પદ લમ્પીના લક્ષણો પશુઓમાં દેખાયા પછી પશુપાલન વિભાગ દ્વારા તેનાં સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે પરંતુ હજુ સુધી પશુઓમાં જોવા મળેલો રોગચાળો લમ્પી જ છે તેવું સાબિત થયું નથી. માત્ર શંકાસ્પદ લક્ષણોના આધારે પશુઓની સારવાર શરુ કરવામાં આવી પરંતુ જે રીતે બેરોકટોક પશુઓની લે-વેચ થઈ રહી છે તે જોતાં આગામી સમયમાં લમ્પીનો રોગચાળો પશુપાલન વિભાગની ચિંતા વધારી શકે છે.

### એકપણ પશુનું મોત થયું નથી – પશુપાલન વિભાગ

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં ૧૨ મૂંગા પશુઓમાં શંકાસ્પદ લમ્પી રોગચાળાના લક્ષણો દેખાયા બાદ પશુપાલન વિભાગ દ્વારા સર્વે સાથે રસીકરણ શરુ કરવામાં આવ્યું છે. જિલ્લા નાયબ પશુપાલન અધિકારી ડૉ.કવેશભાઈ પટેલે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં શંકાસ્પદ લમ્પીના કારણે એકપણ પશુનું મોત થયું નથી. પશુપાલન વિભાગ દ્વારા શંકાસ્પદ જણાયેલા પશુઓ ઉપર નજર રાખી સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે.

# "હર ઘર તિરંગા...ભારત કી આન, બાન, શાન હૈ તિરંગા...

## થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૩૧

સામાન્ય રીતે ભારતમાં સ્વાતંત્રદિન અને પ્રજાસત્તાકદિન એમ વર્ષમાં બે વાર ભારતમાં દિલ્હી ખાતે તેમજ પ્રત્યેક રાજ્યની રાજધાનીમાં તેમજ મહત્વની પ્રમુખ કચેરીઓમાં તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં "તિરંગો" લહેરાવીને તે દિવસની સંન્માનપૂર્વક ઉજવણી કરવામાં આવતી હોય છે... આઝાદી પછી પહેલીવાર મોદી સરકાર ભારતભરમાં એવું અભિયાન ચલાવી રહી છે કે "હર ઘર તિરંગા ?!" અર્થાત ૧૫ મી ઓગસ્ટના રોજ ત્રણ દિવસ માટે ભારતના પ્રત્યેક ઘર ઉપર પોતપોતાની રીતે લોકો સ્વમાનભેર તિરંગો લહેરાવશે....

કલ્પના કરી જુવો કે ખુલા આકાશમાં ડ્રોન દ્વારા તસ્વીર લેવામાં આવે તો ભારતનો તારીખ ૧૩-૧૪-૧૫ ઓગસ્ટનો એ નજારો કેટલો અદભૂત હશે!!! તે ત્રણેય દિવસ ભારતમાં જ્યાં જ્યાં આપણી નજર ફરસે ત્યાં ત્યાં તિરંગો લહેરાતો હશે.... એક એવી માનસિકતા લોકોમાં ઉભી થશે કે એ લહેરાતો તિરંગો લોકોના દિલમાં લહેરાવા લાગશે!! પ્રત્યેક ભારતીયોમાં મોદીજીનો આ નવતર પ્રયોગ ખૂબ અસરકારક રહેશે... હ્યુમન સાયકોલોજી કહે છે કે જે ચીજ વસ્તુ ઉપર આપણી દ્રષ્ટિ વારંવાર જાય ત્યાં વ્યક્તિ તે ચીજને પોતાના દિલો દિમાગમાં ખબર ના પડતા જોડી લે છે, તિરંગા માટે કરોડો હૈયા એક સાથે ધબકસે અને તેના ઉદગાર સીધા ભારત માતા સુધી પહોંચશે, ભારતનો પ્રત્યેક નાગરિક વાયબ્રન્ટ થશે અને એક નવિન ઉર્જાનો ભારતમાં સંચાર અવશ્ય થશે!!

મોદીજી જ્યારે જ્યારે આવા અનોખા અભિયાન લઈને પ્રજા સમક્ષ આવે છે ત્યારે એકવાર માટે સૌને વિચારતા કરી દેતા હોય છે... સ્વચ્છતા અભિયાન હોય કે પછી "થાળી વગાડો...કોરોના ભગાડો..." અભિયાન હોય પરંતુ તેમાં લોકોની માનસિક ટ્રિટમેન્ટ થતી જરૂર દેખાય છે!! જનજાગૃતિ હેતુ ઉઠાવવામાં આવેલ સૂચક અભિયાનોની હું દિલથી સરાહના કરું છું કારણકે એક નેગેટિવ માનસીકતામાંથી લોકો માટે નવતર પ્રયોગ કરનારા આપણા પ્રધાનમંત્રી મોદીજી એક બેસ્ટ તત્વચિંતક પણ છે!! ભારત દેશની જનતામાં બુદ્ધિચાતુર્ય ખૂબ છે, હોશ અને જોશ પણ ખૂબ છે અને દેશમાં સંપત્તિ પણ અઢળક છે બસ ખાલી ખામી હોય તો તે દેશદાઝ અને રાષ્ટ્રપ્રેમની ઉણપ છે.... "જો ભારતીય પ્રજામાં પહેલા દેશ અને પછી હું... એ ભાવ જાગૃત થઈ ગયો તો ભારતને એક મહાન રાષ્ટ્ર બનતા કોઈ રોકી શકે તેમ નથી.!!"

૧૫ ઓગસ્ટ ૨૦૨૨ નો એ દિવસ કે ત્યારે ભારતભરના પ્રત્યેક ઘર ઉપર તિરંગો હોંશે હોંશે લહેરાતો હશે... નભમાં વિહાર કરતા એ પુણ્યશાળી રાષ્ટ્રભક્તો કે જેમના થકી ભારત સ્વતંત્ર થયું છે એ કેટલા હરખાસે એની આપણે કલ્પના કરવી પણ અઘરી છે! તિરંગાના ત્રણ રંગો દેશદાઝ, શાંતિ અને સમૃદ્ધિ માટે આપણને સતત પ્રેરણા આપતા રહેશે અને પ્રત્યેક નાગરિકમાં રાષ્ટ્ર ગૌરવ નિર્માણ થશે તે આ અભિયાનની ફલશ્રુતિ ગણાવી શકાય....ભારતના પ્રત્યેક નગરિકમાં તિરંગો વર્ષમાં માત્ર બે વાર જ નહીં પણ ચોવીસે કલાક જિંદગીભર ધબકતો રહે અને નિષ્ઠા અને કર્તવ્યપાલનના ગુણોનો સંચાર થાય તે માટે ઈશ્વરને દિલથી વંદના...પ્રાર્થના..

# વાઈરલ ઈન્ફેક્શન અને તાવ સહિતની બિમારીમાં બાળકો સપડાયા

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ધીમી શરૂઆત સાથે જ બિમારી માથુ ઉંચકી રહી છે. તાવ અને વાયરલ બિમારીના કેસો વધી રહ્યા છે. ખાસ કરીને બાળકો આ બિમારીનો વધુ શિકાર બની રહ્યા છે. જીલ્લાની ખાનગી હોસ્પિટલમાં વાઈરલ ઈન્ફેકશન, તાવ, ગળામાં સોજો સહીતની બીમારીથી પીડાતા બાળ દર્દીઓ વધી રહ્યા છે મોડાસા શહેર સહીત જીલ્લાની ખાનગી હોસ્પિટલો અને ક્લિનીક પર ચિકનપોક્સ જેવા લક્ષણો ધરાવતી બીમારીમાં સપડાઈ રહ્યા છે ત્યારે બાળકોમાં જોવા મળતો રોગ ચિકનપોક્સ કે મંકિપોક્સ અંગે તબીબો સહીત વાલીઓ અવઢવમાં મુકાયા છે જો કે રાહતના સમાચાર એ છે કે ચીકનપૉક્સની દવાથી બાળકોને બીમારી મટી જતી હોવાનું તબીબે જણાવ્યું હતું

અરવલ્લી જીલ્લામાં ચોમાસુ ધીરે ધીરે વધી રહ્યું છે સતત વાદળીયા વાતાવરણ વચ્ચે વરસાદ પડતા ઠેરઠેર ગંદકી ફેલાવા સાથે મચ્છર જેવી રોગજન્ય જીવાતોનો ઉપદ્રવ વધતા બિમારી માથું ઉંચકી રહી છે. બાર વર્ષ સુધીના અનેક બાળકો તાવ અને કફ-ઉધરસ જેવી વાયરલ બિમારીનો શિકાર બની રહ્યા છે.ખાનગી ચિલ્ડ્રન હોસ્પિટલોમાં દરરોજ અંદાજે બસ્સો કેસ આવતા હોવાનું જાણવા મળે છે. ઋતુ પરિવર્તન થતા આ રોગચાળો વકર્યો હોવાનું માનવામાં આવે છે.હાલ એકતરફ કોરોનાના કેસોમાં ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે ત્યારે જ બાળકોમાં તાવ અને વાયરલ ઉધરસ કફ જેવી બિમારીના કેસો વધતા ચિંતાની લાગણી ફેલાઈ છે.

## વિકાસની દ્રષ્ટીએ પછાત પોશીના પંથક કુદરતી સૌંદર્યથી સમૃદ્ધ

# ચોમાસામાં લીલીછમ હરિયાળી, ખળખળ વહેતાં ઝરણાંથી આલ્હાદક નજારો





બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં વિકાસની દ્રષ્ટીએ પછાત ગણાતા પોશીના પંથકમાં ચોમાસાની સીઝનમાં કુદરતે છૂટા હાથે સૌંદર્ય વેર્યું છે. લીલીછમ હરિયાળી અને વહેતાં ઝરણાંના કારણે અસુવિધાઓમાં સંબડતો તાલુકો સૌંદર્યથી સમૃદ્ધ બન્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં નજર કરો ત્યાં વનરાજીનો અનુપમ નજારો જોવા મળતાં તાલુકાની મુલાકાતે આવતા મુલાકાતીઓ હરખાઈ રહ્યા છે.

ચોમાસાના આરંભ સાથે ગીરીમાળાઓનું જોબન ખીલી ઉઠતું હોય છે. હમણાં સુધી સાબરકાંઠામાં પ્રવાસ માટે વિજયનગરની પોળો પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. પરંતુ આ સિવાય ટ્રાયબલ ગણાતા પોશીના તાલુકામાં પણ તંત્રની ઈચ્છા શક્તિ હોય તો પ્રવાસની અનેક તકો રહેલી છે. ચોમાસામાં પોશીના તાલુકાના કોટડા, લાંબડીયા સહિતના વિસ્તારોમાં લીલીછમ હરિયાળી અને ખળખળ વહેતાં ઝરણાં પ્રવાસીઓને આકર્ષવા માટે પર્યાપ્ત જણાઈ રહ્યાં છે. વરસાદ બાદ આ વિસ્તારમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે જેથી જ્યાં નજર કરો ત્યાં નયનરમ્ય દ્રશ્યો મન અને હૃદયને ઠંડક આપી રહ્યા છે. પછાત ગણાતા પોશીના તાલુકાના વિકાસ માટે કરોડો રૂપિયાનું આંધણ થયા પછી પણ સ્થાનિક પ્રજા પાયાગત અનેક સુવિધાઓથી ભલે વંચિત રહી હોય પરંતુ સ્થાનિક પ્રજાને કુદરત તરફથી વનરાજીના રુપમાં સમૃદ્ધ ખજાનો મળ્યો છે જેમાં ચોમાસા દરમ્યાન પ્રકૃતિની સમૃદ્ધિમાં ઓર વધારો થયેલો જોવા મળી રહ્યો છે. અસંખ્ય પ્રકૃતિ પ્રેમીઓ માટે હવે પોશીના પંથક ચોમાસામાં ફરવા લાયક સ્થળ તરીકે માનીતો બની ગયો છે. જો કે બહુ ઓછા પ્રકૃતિ પ્રેમીઓ પોશીના પંથકના સૌંદર્યથી માહિતગાર બન્યા છે પરંતુ જે કોઈ મુલાકાતીઓ આ વિસ્તારમાં મુલાકાતે આવે ત્યારે લીલાછમ ઘાસના મેદાનો, હરિયાળીથી સમૃદ્ધ ગીરીકંદરાઓ તેમજ વહેતાં ઝરણાં જોઈ કુદરતના અનુપમ દ્રશ્યોથી મંત્રમુગ્ધ થઈ જતા હોય છે.

### વરસાદી સીઝનમાં પ્રવાસની તક ખૂલી